ગાંધીનગર સમાચાર

મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૧૮.૦ ડીગ્રી
ભેજ
સવારે ૪૫ ટકા ● સાંજે ૨૪ ટકા
ગાંધીનગર તાપમાન

# પાર્કીંગ ખુલ્લા કરવા વાણિજય સંકુલોને આખરી નોટીસ

**સે-૧૧ અને સે-૨૧માં ઉદભવેલી ભયંકર ટ્રાફીકની સમસ્યાને પગલે તમામ વાણિજય સંકુલોમાં બિલ્ડરોએ બેઝમેન્ટના 'ચાઉ' કરી દીધેલા પાર્કીંગને ખુલ્લા કરી દેવા તંત્રએ દિન-૩ની નોટીસો ફટકારી : પાર્કીંગ દિન-૩માં નહીં ખુલે તો ટાઉન પ્લાનીંગ એકટ હેઠળ ગુનો દાખલ કરી કડક કાર્યવાહી હાથ ધરાશે**




ગાંધીનગર, તા.૨૭

રાજયના પાટનગરમાં ખાસ કરીને સે-૧૧ અને સે-૧૬, સે-૨૧ તથા સે-૧૭/૨૨ વિસ્તારમાં વાણિજય સંકુલો આસપાસ ટ્રાફીકની સમસ્યા માથાનો દુઃખાવો બની ગઈ છે. ટ્રાફીકની સમસ્યાનું મુખ્ય કારણ પાર્કીંગ પ્લેસનો અભાવ છે. મોટા ભાગના વાણિજય સંકુલોના ભોંયરામાં પાર્કીંગ વ્યવસ્થા છે પરંતુ બિલ્ડરો દ્વારા આ પાર્કીંગ પ્લેસ 'ચાઉં' કરી દેવાયા છે જેને કારણે આડેધડ પાર્કિંગ રસ્તા વચ્ચે અડચણરૂપ થવા લાગે છે અને તે જ કારણે ટ્રાફીકની સમસ્યા જટીલ બની ગઈ છે. આ બાબતને ગંભીરતાથી લઈને મહાનગરપાલિકા દ્વારા વાણિજય સંકુલોને આખરી નોટીસ ફટકારી દિન-૩માં બેઝમેન્ટ પાર્કીંગ ખુલ્લા કરી દેવા ચેતવણી આપવામાં આવી છે. જો દિન-૩માં પાર્કીંગ ખોલવામાં નહીં આવે તો ટાઉન પ્લાનીંગ એકટ હેઠળ કડક કાર્યવાહી શરુ કરવામાં આવશે તેમ તંત્રએ નોટીસમાં ઉલ્લેખ કર્યો છે.

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પાર્કીંગની સમસ્યાને હળવી કરવા શહેરના વાણિજય સંકુલો પર લાલ આંખ કરી છે. વાણિજય સંકુલોની જગ્યા કરોડોને આંબી જતા બિલ્ડરો દ્વારા પાર્કીંગ માટે પ્લાનમાં બતાવેલ બેઝમેન્ટને 'ચાઉં' કરી દેવાયા હોવાની ફરિયાદો ઉઠી છે. સે-૧૧ અને સે-૨૧ના મોટા ભાગના આવા વાણિજય સંકુલોના બિલ્ડરોને કોર્પોરેશને આખરી નોટીસો ફટકારી છે. કોમ્પ્લેક્ષોની દિવાલો ઉપર તંત્રની ટીમોએ નોટીસો ચિપકાવી દીધી છે. નોટીસમાં ઉલ્લેખ છે કે દિન-૩માં વાણિજય સંકુલોના બેઝમેન્ટ પાર્કીંગ માટે ખુલ્લા કરી દેવા. જો બેઝમેન્ટ દિન-૩માં ખોલવામાં નહીં આવે તો કોર્પોરેશનની ટાઉન પ્લાનીંગ શાખા દ્વારા ટાઉન પ્લાનીંગ એકટ હેઠળ ગુનો દાખલ કરવાની કાર્યવાહી શરુ કરવામાં આવશે. નોંધનીય બાબત છે કે આ પ્રકારની દિન-૭ની નોટીસો અગાઉ પણ તંત્ર દ્વારા આપવામાં આવી હતી પરંતુ નોટીસના બીજા દિવસથી જ સંબંધિત અધિકારીઓ ઉપર પ્રેશર આવવાનું શરુ થઈ જતું હોવાથી આ કામગીરી પડતી મુકી દેવાય છે. જો કે આ વખતે તંત્ર અલગ મિજાજમાં હોય તેમ લાગી રહ્યું છે. હવે જોવું રહ્યું કે નોટીસના દિન-૩ બાદ વાણિજય સંકુલોના બેઝમેન્ટ પાર્કીંગ માટે ખુલે છે કે કેમ...!

## વાતવાતમાં

● ૮મી માર્ચે ગાંધીનગર ખાતે વિશ્વ મહિલા દિનની ઉજવણી અંગે જિલ્લા તંત્ર એ આયોજન સાથેની તડામાર તૈયારીઓ આરંભી છે.

● ગાંધીનગર શહેરમાં ચ રોડ પર સ્ટ્રીટ લાઈટો બંધ રહેતી હોવાની વાતોએ ચિંતાનું મોજું પ્રસર્યુ છે.

● સરઢવના અગ્રણી મણિભાઈ પટેલના દુઃખદ અવસાન બાદ આજે યોજાયેલા તેમના બેસણામાં પરિવાર અને સ્વજનોએ બેસણાના આરંભે ગીતાનો ૧૫મો અધ્યાય અને અંતે ગીતાના ૧૨મા અધ્યાયનું પઠન કર્યુ હતું.

● વિડીયો કોન્ફરન્સ તેમજ મીટીંગોમાં જિલ્લા તંત્ર છેલ્લા બે દિવસથી સતત વ્યસ્ત રહેવા પામ્યું છે.

● માર્ચના પ્રથમ સપ્તાહમાં જ પાટનગરમાં લગ્નસરાના આયોજનમાં પાટનગરવાસીઓ વ્યસ્ત બન્યા છે.

# ઉવારસદમાંથી દાટી દેવાયેલા દારૂના વૉશના પીપડા મળ્યા

ગાંધીનગર, તા.૨૭

અડાલજ પોલિસને બાતમી મળી હતી કે ઉવારસદ ગામના રાણજીપરા વિસ્તારમાં દશરથ જીવણ ઠાકોર દેશી દારૂ ગાળીને દારૂનો વેપલો કરે છે. આ બાતમીને આધારે અડાલજ પોલિસની ટીમે દશરથ ઠાકોરના ત્યાં દરોડો પાડી ચેકીંગ કર્યું હતું. તેના અડ્ડા પાટે દાટી દેવાયેલા બે મોટા પીપડા બહાર કાઢીને તપાસ કરતાં અંદરથી ૪૦૦ લીટર દેશી દારૂ ગાળવા વપરાતો વૉશનો જથ્થો મળી આવ્યો હતો. અડાલજ પોલિસે ૪૦૦ લીટર વૉશ જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. જયારે અડ્ડા પર મળી ન આવેલા બુટલેગર દશરથ ઠાકોરની શોધખોળ હાથ ધરવામાં આવી છે.

# સે-૨૦ પ્રાથમિક શાળાના સર્વન્ટ કવાર્ટરમાં આગ

**મકાનમાં દિવો ચાલુ રાખીને પરિવારજનો તાળુ મારીને બહાર ગયા ત્યારે અચાનક આગ ભભુકી : ઘરવખરી બળીને ખાખ**



ગાંધીનગર, તા.૨૭

શહેરના સેકટર-૨૦ખાતે આવેલી સરકારી પ્રાથમિક શાળાના સર્વન્ટ કવાર્ટરમાં આજે બપોરના અરસામાં અચાનક આગ ભભુકી ઉઠતા ચકચાર મચી જવા પામી હતી. આ ઘટનાની જાણ ગાંધીનગર ફાયર બ્રિગેડની ટીમને થતા ફાયરબ્રિગેડની ટીમ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગને કાબુમાં લઈ લીધી હતી. જો કે આગને પગલે ઘરવખરી બળીને ખાખ થઈ જવા પામી હતી. સદભાગ્યે મકાનને તાળુ હોવાથી કોઈને ઈજા કે જાનહાની થવા પામી નથી.

મળતી વિગતો મુજબ સે-૨૦ ખાતે આવેલી સરકારી પ્રાથમિક શાળામાં પ્યુન તરીકે નોકરી કરતા ભીમાભાઈ સદાભાઈ પરમાર તેમના પરિવાર સાથે સર્વન્ટ કવાર્ટરમાં રહે છે. આજે બપોરે અખંડ દિવો મકાનમાં ચાલતો હતો ત્યારે મકાનને તાળુ મારીને ભીખાભાઈ પરિવાર સાથે બહાર ગયા હતા. અચાનક દિવાની જાળ લાગી જતાં મકાનમાં આગ ભભુકી ઉઠી હતી. ગાંધીનગર ફાયરબ્રિગેડને જાણ થતા ફાયર ઓફીસર મહેશ મોડ તેમની ટીમ સાથે તાબડતોબ સ્થળ પર પહોંચી ગયા હતા અને પાણીનો મારો ચલાવીને આગ કાબુમાં લઈ લીધી હતી. મકાનમાં કોઈ હાજર ન હોવાથી કોઈ દાઝી જવા કે જાનહાની થવા પામી ન હતી. આ આગની ઘટનામાં ઘરનો મોટા ભાગનો સામાન તથા ઘરવખરી બળીને ખાખ થઈ જતા મોટું નુકશાન થવા પામ્યું હતું.

# અડાલજ પાસે યુવાનને ધરમ કરતાં ધાડ પડી...!

**અંધારામાં વોટરસાઈડ હોટલ સામે હુમલાખોરોથી બોયફ્રેન્ડને બચાવવા મદદ માંગતી યુવતીને મદદ કરવા ગયેલા યુવાનને ઢોર માર મારી લૂંટારૂઓ ફરાર**

ગાંધીનગર, તા.૨૭

અમદાવાદ ખાતે ઘાટલોડીયા વિસ્તારમાં રહેતો ૨૫ વર્ષીય યુવાન સી.જી. રોડ ઉપર કોચીંગ કલાસીસમાં અભ્યાસ કરે છે. ગઈ કાલે રાત્રે એકટીવા લઈને ટયુશનથી ઘર તરફ એસ.જી. હાઈવે પરથી યુવાન જઈ રહ્યો હતો ત્યારે તેને ધરમ કરવા જતા ધાડ પડી હતી. એક યુવતી અડાલજ પાસે વોટરસાઈડ હોટલ નજીક અંધારામાં ઉભી ઉભી હુમલાખોરોથી બોયફ્રેન્ડને બચાવવા મદદ માંગી રહી હતી. તેને મદદ કરવા યુવાન ગયોને એ જ ટોળાએ યુવાનને ઢોર માર મારીને તેનું એકટીવા તથા મોબાઈલ લુંટી લઈ ઝાડીઓમાં ફેંકીને યુવતી સહીત આખી લુંટારૂ ગેંગ ફરાર થઈ ગઈ હતી. લોહીલુહાણ હાલતમાં પોલિસ સ્ટેશન પહોંચીને ફરિયાદ આપતા અડાલજ પોલિસે લુંટનો ગુનો નોંધી લુંટારૂઓ સુધી પહોંચવા તજવીજ શરુ કરી છે.

અમદાવાદ ઘાટલોડીયા ખાતે રહેતો ૨૫ વર્ષીય યુવાન માર્ગીન શૈલેષભાઈ પટેલ સી.જી. રોડ ઉપર આઈ.ઈ.એલ.ટી. એસ.ના કોચીંગ કલાસમાં જાય છે. સાંજે કલાસનો સમય સાડા ચારથી સાડા છ સુધીનો છે. ગઈ સાંજે કલાસીસ પુરા થયા બાદ પોતાનું જીજે ૦૨ સી એફ ૪૩૩૩ નંબરનું એકટીવા લઈને માર્ગીન પટેલ અડાલજ થઈને વોટર સાઈડ હોટલ રોડ પરથી ઘર તરફ જઈ રહ્યો હતો. સાડા આઠ વાગ્યાનો સમય હતો અને અંધારામાં વોટર સાઈડની સામે ઝાડીઓ તરફ એક યુવતીએ તેને ઉભો રાખ્યો. તેના બોયફ્રેન્ડને કોઈ તત્વો મારી રહ્યા છે બચાવો... તેમ કહી મદદ માંગી. માર્ગીન ઝાડીઓ તરફ ગયો અને મામલો શાંત પાડીને પરત પોતાના એકટીવા તરફ જઈ રહ્યો હતો ત્યારે પાછળથી આ ગેંગ આવી અને ફેંટો મારવાનું શરુ કરી દીધું હતું. તેની પાસેથી તેનો મોબાઈલ અને એકટીવાની ચાવી ઝુંટવી લઈ બંનેની લુંટ ચલાવી યુવતી સહીતની આખી ગેંગ લોહીલુહાણ હાલતમાં માર્ગીનને ઝાડીઓમાં ફેંકી ગેંગ ફરાર થઈ ગઈ હતી. એક રીક્ષા ચાલકની મદદ લઈ માર્ગીન અડાલજ પોલિસ સ્ટેશન પહોંચ્યો અને રૂ. ૪૨ હજારનું એકટીવા તથા રૂ. ૧૮,૫૦૦ની કિંમતનો મોબાઈલ લુંટી લેવાયો હોવાની ફરિયાદ આપતા અડાલજ પીએસઆઈ કે.જે. ચૌહાણે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# સિવિલમાં ૧૦ દિવસ છતાં તપાસ કમિટીની નિમણુંક નથી કરાઈ..!

**ભ્રષ્ટ્રાચાર અંગે કલેકટરના આદેશને સિવિલ તંત્રએ ગણકાર્યો નહી..?**

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ઘણા સમયથી વહીવટી અનો હિસાબી અધિકારી દ્વારા આચરવામાં આવી રહેલા ભ્રષ્ટ્રાચારના મામલા અંગે તપાસ કમિટીની રચના કરીને તાત્કાલીક ધોરણે તપાસ હાથ ધરવા માટેનો જિલ્લા કલેકટર દ્વારા સિવિલ સુપ્રિટેન્ડન્ટને આદેશ કર્યો હતો. પરંતુ આ આદેશ થયાનો પણ ૧૦ દિવસનો સમયગાળો વિતવા આવ્યો હોવા છતા સિવિલ સુપ્રિટેન્ડન્ટ દ્વારા આ અંગે હજુ સુધી કોઈ તપાસ કમિટીની રચના કરવામાં ન આવતા કલેકટરના આદેશને સિવિલ તંત્ર ઘોળીને પી ગયું હોય તેમ લાગી રહ્યું છે. દસ દિવસ સુધી તપાસ કમિટીની નિમણુંક કરવામાં ન આવતા આ સમગ્ર મામલે ઢાંક પિછોડો કરવામાં આવી રહ્યો હોય તેવું લાગી રહ્યું છે.

પાટનગરની મેડીકલ કોલેજ સંચાલિત હોસ્પિટલમાં હિસાબી અને વહીવટી અધિકારી શાખાના અધિકારી દ્વારા સિવિલમાં દર્દીઓ માટે આવતા શાકભાજીથી લઈનો નાની મોટી તમામ ચીજવસ્તુઓની ખરીદીમાં કટકી કરવામાં આવતી હોવાની ચર્ચા ચાલી રહી છે. ખરીદીની પ્રક્રિયા તેમજ બિલો પાસ કરવાની પ્રક્રિયામાં પણ અધિકારીઓ દ્વારા કટકી લેવાનો આગ્રહ રાખવામાં આવતા હોવાની લેખિત રજુઆત એક અમદાવાદના વકીલ દ્વારા જિલ્લા કલેકટરને કરવામાં આવી હતી. આ સમગ્ર મામલે તપાસ કમિટીની નિમણુંક કરી તાત્કાલીક ધોરણે તપાસ હાથ ધરવા માટે જિલ્લા કલેકટર દ્વારા સિવિલ સુપ્રિટેન્ડન્ટને આદેશ કરવામાં આવ્યો હતો. તપાસ કમિટીમાં સિવિલ સાથે સંકળાયેલ ન હોય તેવા વ્યકિતની અધ્યક્ષ પણે નિમણુંક કરવા માટેનું પણ સુચન કર્યુ હતું. ત્યારે આ વાતનો દસ દિવસનો સમયગાળો થવા આવ્યો છતા સિવિલ સુપ્રિટેન્ડન્ટ દ્વારા કોઈ જ તપાસ કમિટીની રચના કરવામાં આવી નથી. ત્યારે આ સમગ્ર મામલે ભીનું સંકેલાઈ જવાની ભિતી સિવિલ કેમ્પસમાં સેવાઈ રહી છે.

# ગાંધીનગર પ્રજાપતિ સમાજનો બાળ રમતોત્સવ યોજાયો

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર પ્રજાપતિ સમાજ દ્વારા ગાંધીનગર ખાતે બારમા બાળ રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. રમતોત્સવ બાદ પ્રથમ ત્રણ ક્રમાંક મેળવેલા સ્પર્ધકોને ઈનામ વિતરણ તેમજ સર્વે વિદ્યાર્થીઓને બાળવાર્તાના પુસ્તકોનું વિતરણ કરવામાં આવ્યું હતું.



ગાંધીનગર પ્રજાપતિ સમાજ દ્વારા યોજાયેલા રમતોત્સવમાં સ્પર્ધકો, વાલીઓ તથા સમાજના સભ્યોએ રસપૂર્વક ભાગ લીધો હતો. સમાજ દ્વારા ધોરણ-૧ થી ૧૨ના વિદ્યાર્થીઓ માટે રમતોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. સ્પર્ધાઓમાં પ્રથમ, દ્વિતીય અને તૃતીય આવેલા બાળકોને ઈનામો આપવામાં આવ્યા હતા અને બાકીના સ્પર્ધકોને આશ્વાસન ઈનામો આપવામાં આવ્યા હતા. આ ઉપરાંત સર્વે બાળકોને ધૂમકેતુ લિખિત 'જીવન ઘડતર' નામની બાળવાર્તાની ચોપડીઓ આપવામાં આવી હતી. સમાજ દ્વારા નવતર પ્રયોગના ભાગરૂપે પ્રજાપતિ સમાજ અને તેના વારસાના પરિચયને લગતી 'સરપ્રાઈઝ ટેસ્ટ'નું આયોજન કરવામાં આવ્યું હતું. રમતોત્સવ સમિતિ દ્વારા આયોજિત આ કાર્યક્રમમાં મોટી સંખ્યામાં જ્ઞાતિજનો ઉપસ્થિત રહ્યા હતાં.

# ભરૂચ-નર્મદા જિલ્લા મિત્રમંડળનો સ્નેહમિલન સમારંભ યોજાયો

ગાંધીનગર, તા.૨૭

ભરૂચ-નર્મદા જિલ્લાના મિત્રમંડળનો કાર્યક્રમ તાજેતરમાં સે-૨૩ કડી કેમ્પસના બ્રહ્માણી હોલ ખાતે યોજાયો હતો. જેમાં ૧૨૫થી વધુ સભ્યોએ ભાગ લીધો હતો. 'નર્મદા મૈયા'ની પ્રાર્થનાથી કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. મંડળના કારોબારી સભ્યોએ મંડળની આછી રૂપરેખા અને પરિચય આપ્યો હતો. શૈક્ષણિક ક્ષેત્રે ઉત્તીર્ણ થયેલ વિદ્યાર્થીઓને ઈનામ આપવામાં આવ્યા હતા. આ ઈનામો કાર્યક્રમમાં હાજર રહેલ મહિલાઓના હસ્તે અપાવી સ્ત્રી સશકિતકરણને સાર્થક બનાવ્યું હતું. કાર્યક્રમના અંતે ભોજનનો આનંદ માણી સૌ છૂટા પડયા હતા.

# સ્પેકટ્રમ-૨૦૧૮માં એલડીઆરપીની ટીમનો વિજય




ગાંધીનગર, તા.૨૭

નિફટ દ્વારા યોજવામાં આવેલા સ્પેકટ્રમ ૨૦૧૮માં બાસ્કેટબોલમાં નિફટ સામે એલડીઆરપીની ટીમ વિજેતા બની હતી. બાસ્કેટબોલની સ્પર્ધામાં એલડીઆરપીની ટીમે ૪૧-૩૪થી નિફટ સામે જીત હાંસલ કરી હતી. આ ઉપરાંત ટુર્નામેન્ટ દરમિયાન બાસ્કેટબોલ ટીમ સિલ્વર ઓકને એલડીઆરપી ટીમે ૩૯-૩૭થી હરાવી હતી. ટીમના કપ્તાન મીરાંત શાહ સહિત ખેલાડઓ પ્રશાંત, ધાર્મિક, દિવ્યાંક, તરૂણ, મિહિર, પાર્થ, ધ્રુવ, દક્ષ અને રિધમને કોલેજના આચાર્ય ડૉ. ગાર્ગી રાજપરા અને ફિઝીકલ એજયુકેશનના ડાયરેકટર લેફ. નોરીન વૈયનાને જીત બદલ શાબાશી આપી હતી.

# આજે આદીવાડા ખાતે કાનૂની શિક્ષણ શિબિર યોજાશે

રાષ્ટ્રીય કાનૂની સેવા સત્તા મંડળની સુચના અનુસાર ગુજરાત રાજય કાનૂની સેવા સત્તા મંડળ તથા જિલ્લા કાનૂની સેવા સત્તા મંડળ, ગાંધીનગર દ્વારા ગાંધીનગર જિલ્લાના રહેવાસીઓને કાયદાકીય કાનૂની સલાહ તેમજ સરકારશ્રીની વિવિધ યોજનાઓ જેવી કે સીનીયર સીટીઝન સર્ટી, વિધવા સહાય મેળવવા, આધાર કાર્ડ મેળવવા, મા અમૃતમ કાર્ડ-મા વાત્સલ્ય કાર્ડ, નિરાધાર વૃદ્ધ સહાય યોજનાઓનો લાભ લેવા માટે આદીવાડા પ્રાથમિક શાળા ખાતે કાનૂની શિક્ષણ શિબિર તેમજ કેમ્પનું આયોજન કરવામાં આવેલ છે. જે અન્વયે લાભાર્થીઓએ તેઓના પાસપોર્ટ ફોટાઓ તથા તમામ પુરાવાઓની અસલ તથા પ્રમાણિત નકલ અને વિગતો સાથે આજરોજ ત. ૨૮-૨-૨૦૧૮ના બુધવારના રોજ સવારે ૧૧ થી ૫ સુધી રૂબરૂ હાજર રહેવા જણાવવામાં આવે છે.